# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. ભાવનગરમાં ગૌગોષ્ઠી સમારોહને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફરી રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા આહ્વાન કર્યું.
2. રાજ્ય સરકારે ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીની સમય મર્યાદા 10 નવેમ્બર સુધી લંબાવી
3. રાજ્યમાં દિવાળીના તહેવારના ચાર દિવસમાં 108 ઈમરજન્સીમાં 20 હજારથી વધુ કેસ નોંધાયા
4. અમરેલીના રાંઢીયા ગામમાં કારમાં ગૂંગળાઈ જવાથી એક જ પરિવારના ચાર બાળકોના મોત
5. રાજ્યના ખેલાડી હરમીત દેસાઈએ આજે વેનેઝૂએલા ખાતે વિશ્વ ટેબલ ટેનિસ ફિડર કારાકાસ સ્પર્ધામાં 2 ખિતાબ જીત્યા.

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM - BHAVNAGAR KOBADI GAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફરી એક વાર રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા આહ્વાન કર્યું છે. ભાવનગરમાં શ્રી સર્વેશ્વર ગૌધામ કોબડીના ગૌ-ગોષ્ઠી સમારોહને સંબોધતા શ્રી પટેલે કહ્યું કે, આપણે પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણા સ્વાસ્થ્યની પણ ચિંતા કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યું કે, આ સરકાર દરેક જીવ માત્રને રક્ષણ આપવા સંકલ્પબદ્ધ છે ત્યારે પશુ દવાખાનામાં પશુઓ માટેની દરેક સારવાર, નિદાન અને રસી સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

## (ઓડિયો- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

ઉપરાંત શ્રી પટેલે ઘર અને વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવા લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, ‘વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરીએ.’

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયાએ કોબડી ગૌશાળામાં બિમાર ગાયોના નિદાનની કામગીરીમાં જોડાયેલા લોકોને બિરદાવ્યાં હતાં.

---------

## CM PATEL MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ગુંછળી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે અંદાજે 250 કિલો વજનના ઘંટનું અનાવરણ કર્યું હતું. મંદિરમાં મહારૂદ્રી યજ્ઞ અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત મુખ્યમંત્રીએ કહ્યું કે,

ગુંછળી ખાતે પણ રામેશ્વર મહાદેવ મંદિર 300 વર્ષ જૂનું છે, જેનું પુનઃનિર્માણ કરી આજે પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે. આપણા વારસા અને સંસ્કૃતિને જાળવીને વિકાસ કરવાના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

શ્રી પટેલે શ્રી રામેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આવેલા ધન્વંતરિ ઔષધિવન, બિલિવન અને નક્ષત્ર વનની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, શ્રી રામેશ્વર મહાદેવની દ્રષ્ટિ સન્મુખ પરિસરમાં પૂર્વ દિશામાં નક્ષત્ર વનનું નિર્માણ કરાયું છે. જ્યારે ધન્વંતરિ ઔષધિવનમાં દુર્લભ અને પ્રચલિત 108 જેટલી ઔષધીઓનો ઉછેર કરાયો છે.

-------

## KHARIF PAK - KHARIDI

રાજ્ય સરકારે ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા દશમી નવેમ્બર સુધી લંબાવી છે. જે અન્વયે ખેડૂતો હવે ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે દશમી નવેમ્બર સુધી વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ દ્વારા કરાવી શકશે.

રાજ્યના વિવિધ ખરીદ કેન્દ્રો પર મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ અગિયારમી નવેમ્બર થી આઠમી ફેબ્રુઆરી 2025 સુધી કરાશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ છ હજાર 783 રૂપિયા, મગ માટે 8 હજાર 682 રૂપિયા, અડદ માટે સાત હજાર 400 રૂપિયા તથા સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ ચાર હજાર 892 રૂપિયા

ટેકાના ભાવ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની પી.એમ. આશા એટલે કે, પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન યોજના અંતર્ગત પી.એસ.એસ. હેઠળ રાજયમાં આ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે.

-----------------------------------

## 108 EMERGENCY CALL

રાજ્યમાં દિવાળીના તહેવારના ચાર દિવસમાં 108 ઈમરજન્સીમાં 20 હજાર 164 કેસ નોંધાયાના અહેવાલ છે. 108 ઇમરજન્સી સેવાના મુખ્ય કાર્યકારી અધિકારી જસવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ભાઈબીજ સુધીના ચાર દિવસમાં 20 હજાર જેટલા ઈમરજન્સી કેસ નોંધાયા છે. સામાન્ય દિવસોમાં દરરોજના 4 હજાર 500 કેસ નોંધાતા હોય છે, જે સરેરાશ 5 હજાર 500 જેટલા મેડિકલ ઇમરજન્સી કેસ નોંધાયા છે.

શ્રી પ્રજાપતિએ ઉમેર્યું કે, ઓછા અકસ્માત સર્જાયા નાના જિલ્લામાં પણ આ વખતે રોડ અકસ્માત વધ્યા છે.

-----------------------------------

## WEATHER

રાજ્યમાં હાલમાં સૂર્યાસ્ત બાદ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું કે, રાજ્યમાં આગામી સાત

દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ યથાવત્ રહેશે. તેમજ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની કોઈ શક્યતા નથી.

શ્રી દાસે ઉમેર્યું કે, રાજ્યના મોટા ભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન હાલમાં 34થી 35 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાઈ રહ્યું છે. જ્યારે છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં 19.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ગાંધીનગર સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. આ અંગે હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે માહિતી આપી હતી.

**(બાઈટ – એ કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## AMRELI BALAK MOT

અમરેલી જિલ્લામાં કારમાં ગૂંગળાઈ જવાથી એક જ પરિવારના ચાર બાળકના મોત નીપજ્યા છે. અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં બાળકો રમતી વખતે કારમાં બેસી ગયા હતા. ત્યારબાદ કાર લૉક થઈ જતાં ચારેય બાળકોના ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યા હતા. આ અંગે જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈએ માહિતી આપી હતી.

(બાઈટ- ચિરાગ દેસાઈ, નાયબ પોલીસ અધિક્ષક, અમરેલી)

----------------

## KUTCH- DUBVATHI MOT

કચ્છ જિલ્લાના રાપરના શક્તિનગર ગેડી પાસે આવેલી નર્મદા કેનાલમા ડુબી જવાથી બે લોકોના મોત નીપજયા છે, જ્યારે બે લોકો ગુમ છે.

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે કેનાલમાં ન્હાવા પડેલા બે બાળકો અચાનક ડૂબવા લાગતાં અન્ય બે લોકો તેમને બચાવવા કેનાલમાં પડ્યા હતા, પરંતુ આ ચાર પૈકી બે લોકોના મૃતદેહો મળ્યા હતા. જ્યારે હજી અન્ય બે લોકોની સ્થાનીક લોકો દ્વારા શોધખોળ કરાઇ રહી છે.

.................

## TABEL TENNIS WTT

રાજ્યના ખેલાડી હરમીત દેસાઈએ આજે વેનેઝૂએલા ખાતે વિશ્વ ટેબલ ટેનિસ ફિડર કારાકાસ સ્પર્ધામાં 2 ખિતાબ જીત્યા છે. હરમીત દેસાઈએ પુરુષ સિંગલ્સ અને મિશ્ર ડબલ્સ બંનેમાં જીત મેળવી છે.

મિશ્ર ડબલ્સમાં હરમીત દેસાઈ અને તેમનાં જોડીદાર કૃત્વિકા રૉયે ક્યૂબાના જ્યૉર્જ કેમ્પોસ અને ડેનિએલા ફૉન્સેકા કેરાઝાનાને 3—2થી હરાવ્યાં હતાં. આ પહેલા તેઓ ચીનના વાન્ગ કાઈબૉ અને લિયૂ શિનરાનને સીધા સેટમાં હરાવીને ફાઈનલમાં પહોંચ્યાં હતાં.

હરમીત દેસાઈએ પુરુષ સિંગલ્સમાં ફ્રાન્સના જૉ સેફ્રાઈડને 3—0થી હરાવ્યા હતા. આ પહેલા તેઓ પોર્ટુગલના જોઆઓ મૉન્ટોઈરોને હરાવીને ફાઈનલમાં પહોંચ્યા હતા.

----------------------

## BHARTIY RAILWAY - VISHESH TRAIN

ભારતીય રેલવેએ તહેવારોના સમયગાળા દરમ્યાન અત્યાર સુધીમાં વિવિધ સ્થળો માટે વિશેષ ટ્રેનો દોડાવી 54 લાખથી વધુ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા છે.

પશ્ચિમ રેલવે દ્વારા આજે 22 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, જ્યારે આવતીકાલે વધુ 15 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે તહેવારોના સમયગાળામાં ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉડીશા સહિત અનેક સ્થળો માટે 340 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી. આ તમામ વિશેષ ટ્રેનો નિયમિત ચાલતી ટ્રેનો ઉપરાંત ચલાવવામાં આવી રહી છે.

-----------------------------------

## SURAT – ZOO AAVAK

સુરતમાં પ્રાણી સંગ્રહાલયને દિવાળી તહેવારોના ચાર દિવસમાં 21 લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે.

સુરત મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર તહેવારોના આ ચાર દિવસમાં 75 હજારથી વધુ મુલાકાતીઓએ સરથાણા ખાતે આવેલા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. બેસતા વર્ષના દિવસે 26 હજારથી વધુ મુલાકાતીઓ આવતા તે દિવસે સૌથી વધુ સાત સાત લાખ રૂપિયા  આવક થઈ હતી. જ્યારે ભાઈબીજના દિવસે પણ 20 હજારથી વધુ લોકો  મુલાકાતે આવ્યા હતા.

-----------------------------------

## SURAT UDHNA RAILWAY

દિવાળી અને છઠ તહેવાર દરમિયાન સુરતના ઉધના રેલવેમથકમાં મુસાફરો માટે રેલવે વિભાગે કુલ 104 ટ્રેનનું સફળ સંચાલન કર્યું છે. અત્યાર સુધી એક લાખ 60 હજારથી વધુ મુસાફરો પોતાના પરિવાર સાથે પોતાના વતન પહોંચ્યા છે.

સુરતથી ઉધના સુધી 2 શિફ્ટમાં 50 લાઈસેન્સ સહાયક તહેનાત કરાયા છે. જ્યારે પશ્ચિમ રેલવેએ 8 નવેમ્બર સુધી પ્લેટફૉર્મ ટિકિટના વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ લગાવ્યો છે.

દરમિયાન ભારતીય રેલવે આવતીકાલે અમદાવાદથી અમદાવાદ-બરૌની સ્પેશિયલ, અમદાવાદ બનારસ સ્પેશિયલ, સાબરમતી-પટના સ્પેશિયલ અને અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે.

---------------------------------

## JAVAHAR NAVODAY VIDHYALAY

જવાહર નવોદય વિદ્યાલયમાં સત્ર 2025-2026માં ધોરણ નવ અને અગિયારમાં પ્રવેશ માટેની પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ નવમી નવેમ્બર કરવામાં આવી છે. નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં સુધારો કરાયો છે, જે અંતર્ગત ઇચ્છુક ઉમેદવારોએ cbseltms.nic.in/2024/nvsix/ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરી શકશે.

-----------------

# DAMAN- MAKAU KALAKARO

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના આઠ કલાકારોની મકાઉમાં યોજાતા લ્યુસોફોનીયા ફેસ્ટિવલમાં પરફોર્મન્સ માટે પસંદગી કરવામાં આવી હતી.

દમણ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે આ કલાકારો ચાર દિવસ સુધી મકાઉના અલગ અલગ જિલ્લામાં પરફોર્મન્સ કર્યું હતું, માછી, પોર્ટુગીઝ એન્ડ ગરબા ની પ્રસ્તુતિ મકાઉ શહેર ના અલગ અલગ સ્થળો કરવામાં આવી હતી. મકાઉ સ્થિત કલ્ચરલ કમિટી ઓફ ગોવા, દમણ અને દીવ દ્વારા દરેક કલાકારોનું સન્માન કરાયું હતું.

---------